## મહાનગર સેવા સદન, જૂનાગઢ
## વોટર વર્કસ શાખા
## ટૂંકી મુદતની જાહેર નિવીદા
## નં.૧૦/૨૦૨૨-૨૩

**વો.વ.જા.નં.૪૩૦** **તા.૨૧/૦૭/૨૦૨૨**

કમિશ્નરશ્રી, જુનાગઢ મહાનગર સેવાસદન, "સ્વામી વિવેકાનંદ ભવન" મનપા દ્વારા જુનાગઢ મહાનગરપાલિકા હદના ભૂગર્ભ ગટર ઝોન-૮ અને ઝોન-૯ (વોર્ડ નં.૧૪ તથા ૧૫) ના જુદા જુદા વિસ્તારમાં નવી ભૂગર્ભ ગટર યોજનાના હાઉસ કનેક્શન ચેમ્બરમાં રહેવાસીઓના ઘરના ગટરના કનેક્શનના જોડાણ માટે જૂ.મ.ન.પા. દ્વારા પ્લંબરને ઓથોરાઇઝડ કરવાના થતા હોય, જે અર્થે જુનાગઢ **મનપાના પ્લંબરનું ઓથોરાઇઝેશન મેળવવા માટે જુનાગઢ મનપા દ્વારા જાહેરાત બહાર પાડી અરજી મંગાવવામાં આવે છે. જે માટે સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયેથી નીચે જણાવ્યા મુજબની સંપૂર્ણ માહિતી બંધ કવરમાં રજી.એડી./સ્પીડ પોસ્ટ/રૂબરૂ જુનાગઢ મહાનગરપાલિકા, વોટર વર્કસ શાખા રૂમ નં.૧૧૯, આઝાદ ચોક, જૂનાગઢ ખાતે મોકલવાની રહેશે. આ અંગેની વધુ વિગત માટે જરૂર જણાયે કાર્યપાલક ઇજનેરશ્રી, વો.વ., શાખા, (મો.નં.૯૪૨૬૦ ૨૭૯૨૧) જૂનાગઢ મહાનગર સેવા સદનનો ઓફીસ સમય દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.**

**અરજી સાથે (૧) નામ (૨) સરનામું (૩) કોન્ટેક નંબર (૪) એડ્રેસ પ્રુફ (૫) અભ્યાસના પ્રમાણપત્રો (૬) અનુભવના પ્રમાણપત્રો વિગેરેની સ્વપ્રમાણિત નકલો** તથા સીકયોરીટી ડીપોઝીટ હાર્ડ કોપીમાં સબમીટ કરવાની રહેશે.

શરતો:-

- બંધ કવર ઉપર "પ્લંબીંગ ઓથોરાઇઝેશન અંગેની વિગતો" ખાસ દર્શાવવાનું રહશે.
- ઓથોરાઇઝડ પ્લંબરને ગટરના કનેકશનની કામગીરી માટે જૂ.મ.ન.પા. દ્વારા મંજુરી આપવામાં આવશે.
- **ગટર કનેકશન માટે માન્ય થયેલ પ્લંબરે અરજદારશ્રીઓ પાસેથી અરસ-પરસની મંજુરી મુજબ મંજુરી/માલ-સામાન લઇ ગટર કનેકશન આપવાનું રહેશે તથા તેનું રજીસ્ટર નિભાવી જૂનાગઢ મહાનગરપાલિકાને જરૂરી વિગતો સબમીટ કરવાની રહેશે.**
- **જૂનાગઢ મ.ન.પા. દ્વારા સદરહુ કામગીરીનું મોનીટરીંગ કરવામાં આવશે.**
- **જો કામગીરી દરમ્યાન કોઇ પ્લંબર દ્વારા જૂનાગઢ મ.ન.પા.ને જરૂરી માહિતી પુરી** ન પાડયેથી અથવા અત્રેની કચેરીની સુચનાઓનો અમલ ન કર્યે થી તેનું ઓથોરાઇઝેશન રદ કરી સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.
- અરજી સાથે સિક્યુરિટી ડિપોઝીટ પેટે કમિશ્નરશ્રી, જૂનાગઢ મહાનગરપાલિકાના નામનો રૂ.૨૦૦૦ નો ડીડી/ એફ.ડી.આર. અથવા જો રોકડ રકમમાં ડીપોઝીટ જમા કરવાના કિસ્સામાં અરજી સ્વીકાર્યા બાદ અત્રેની એકાઉન્ટ શાખામાં શાખા અધિકારીશ્રીના અરજી સ્વીકાર્યાની નોંધ થયા બાદ ડીપોઝીટની પહોંચની નકલ વો.વ. શાખામાં રજુ કર્યા બાદ લાયસન્સ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા જૂ.મ.ન.પા. સાથે કામગીરી અંગે રૂા.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર પર જરૂરી એગ્રીમેન્ટ કરવાનું રહેશે.
- ક્ષતિ યુકત અથવા અધુરી અરજીને અમાન્ય ગણ્યેથી કોઇ વાદ-વિવાદ/ તકરાર કરવાની રહેશે નહી. અરજી સાથે રજુ કરેલ આધાર-પુરાવા મુજબ "વહેલા તે પહેલા" ને ધોરણે લાયસન્સ ઇસ્યુ કરવામાં આવશે.
- પ્લંબરને ઓથોરાઇઝેશન આપવા અંગેના નિર્ણય અર્થેની આખરી સત્તા કમિશ્નરશ્રી, જુનાગઢ મહાનગરપાલીકાની રહેશે.
- ઓથોરાઇઝેશનની મુદત માસ-૧૨ (બાર) ની રહેશે. જેની સમય મર્યાદા વધારી/ઘટાડી શકાશે. જેનો અબાધિત અધિકાર કમિશ્નરશ્રી, જૂ.મ.ન.પા.ને રહેશે.

(સહી: અવાચ્ય)
કમિશ્નર
મહાનગર સેવા સદન, જૂનાગઢ.

**Executive Engineer**
**Water Works Department**
**Junagadh Municipal Corporation**